અમદાવાદની રથયાત્રામાં માનવમહેરામણ ઉમટ્યુ

કોરોનાને લીધે બે વર્ષ બાદ રથયાત્રા નિકળી મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે પહિંદ વિધિ કરી, અમિત શાહ સહિતના દિગ્ગજ નેતાઓએ ભગવાનના દર્શન કર્યા

અમદાવાદ, તા.૧

ભગવાન જગન્નાથ, બલરામ અને સુભદ્રા સાથે સંકળાયેલો એક હિંદુ તહેવાર એટલે રથયાત્રા. બે વર્ષ બાદ ભગવાન જગન્નાથ, બળભદ્રજી અને બહેન સુભદ્રાજી નગરચર્યાએ નીકળ્યાં છે. કોરોનાના કારણે આ તહેવાર બે વર્ષથી થોડા ઘણા લોકોની હાજરીમાં જ થતો હતો. દરરોજ ભક્તોએ ભગવાનનાં દર્શન કરવા ભગવાન પાસે જવું પડે છે, પરંતુ રથયાત્રાનાં દિવસે ભગવાન સ્વયં સામે ચાલીને પોતાના ભક્તો પાસે જાય છે. અમદાવાદની રથયાત્રા માનવમહેરાણથી છલકાઈ ગઈ હતી. યાત્રામાં લોકોએ ભારે ઉલ્લાસભેર ભાગ લીધો હતો. અપેક્ષા મુજબ યાત્રા પર અમિ છાંટણાં પણ થયા અને યાત્રામાં કોમી એખલાસનો પણ માહોલ જોવા મળ્યો હતો. અંતે યાત્રા રંગેચંગે નિજ મંદિરે પહોંચી ગઈ હતી.

ગુજરાતમાં અમદાવાદનાં જગન્નાથ મંદિરેથી નીકળતી રથયાત્રા, વિશ્વની બીજી સૌથી મોટી અને ગુજરાતની સૌથી મોટી રથયાત્રા છે, બીજા ક્રમે વડોદરામાં ઈસ્કોન દ્વારા આયોજીત થતી રથયાત્રાને ગણાવી શકાય. આ સિવાય સુરતમાં પણ ઈસ્કોન દ્વારા આ જ દિવસે રથયાત્રાનું આયોજન મોટે ભાગે દર વર્ષે કરવામાં આવે છે.સરસપુરમાં ભક્તોમાં અનેરો ઉત્સાહ દેખાઈ રહ્યો હતો. મહિલાઓ જગતના નાથના આગમનને લઈને અવનવા ભજનો ગાઈને નૃત્ય કરી રહ્યા હતા, ભગવાનના ૩ રથ અહીં પહોંચ્યા બાદ ભક્તો પ્રસાદ ગ્રહણ કર્યો. અમદાવાદમાં ૨૨ કિમી જેટલો રથયાત્રાનો માર્ગ છે, જગન્નાથ મંદિરેથી યાત્રા નીકળે તે સરસપુરમાં બપોરે ભોજન માટે રોકાય છે. સરસપુર એટલે મોસાળ અને મોસાળાની વિધિ પણ થાય, જેનો લહાવો લેવા ભક્તોમાં ગજબનો ઉત્સાહ હોય છે જે તેનુ ૨૦ વર્ષનું વેઈટિંગ લિસ્ટ જોઈને લગાવી શકાય. આ વર્ષે મામેરું કરવાનો અવસર રાજેશભાઈ પટેલ અને તેમના પરિવારને મળ્યો. આ વખતે ભગવાન જગન્નાથ, બહેન સુભદ્રા અને ભાઈ બલભદ્રના મામેરાની થીમ અલગ રાખવામાં આવી હતી. ભગવાનના વાઘા માટે મોરપીંછ રંગ પસંદ કરવામાં આવ્યો હતો. ભગવાનના વાઘા અને આભૂષણમાં કમળ અને ગાયના પ્રતિક રાખવામાં આવ્યા. કોરોનાને કારણે છેલ્લા બે વર્ષથી ભક્તો ભગવાનના મામેરાના દર્શનથી વંચિત રહ્યા હતા. આથી આ વખતે જગન્નાથજીના મામેરાને લઈને ભક્તોમાં ભારે ઉત્સાહ દેખાયો.બપોરે૪.૧૧ વાગે રથ દરિયાપુર પહોંચ્યા. બપોરે ૩.૪૬ વાગે ભગવાનનો રથ પ્રેમ દરવાજા પહોંચ્યા. બપોરે ૧.૩૫એ સરસપુરથી ગજરાજ નીકળીને નિજ મંદિર તરફ રવાના થયા હતા. બપોરે ૧:૧૩ વાગે ત્રણેય રથ મંદિરેથી પ્રસ્થાન કરી મોસાળ સરસપુર પહોંચી ગયાં. અખાડા અને તમામ ટ્રક સરસપુર પહોંચી ગયાં હતા. કાલુપુર સર્કલ પહોંચી ભગવાન જગન્નાથની રથયાત્રા,ભક્તોમાં જોવા મળ્યો ઉત્સાહ. સરસપુર બાદ કાલુપુરમાં પણ રથયાત્રા પર વરસાદના અમી છાંટણા થયા. પોલીસ દ્વારા હેલિકોપ્ટરથી રથયાત્રાનું સર્વેલાન્સ થઈ કરાયું હતું. પોલીસ કમિશ્નર દ્વારા પરવાનગી અપાતાં રથયાત્રા અસલ પરંપરાગત માર્ગો પર જ ફર્યો. જેમાં અગ્રભાગમાં ૧૮ શણગારેલા ગજરાજો, ૧૮ ભજન મંડળીઓ, ભારતીય સંસ્કૃતિની ઝાંખી દર્શાવતી ૧૦૧ ટ્રકો, અંગ કસરતના પ્રયોગો સાથે ૩૦ અખાડા, ૩ બેન્ડવાજાવાળા હતા.

ભગવાનના મોસાળ સરસપુર ખાતે રથ આવે એટલે દર્શન કરવા આવતા તમામ ભક્તો માટે જમણવાર યોજવામાં આવ્યો. આ જમણવારમાં પૂરી-શાક, બુંદી, મોહનથાળ, ફૂલવડી, ખીચડી હોય છે, જેમાં બે લાખથી વધુ ભક્તો આ લ્હાવો માણ્યો. સરસપપુરમાં કુલ ૧૫ રસોડામાં આ પ્રસાદ તૈયાર કરવામાં આવ્યો હતો. મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલનો ગઈકાલે ફરી વાર કરવામાં આવેલો કોવિડ ટેસ્ટ રિપોર્ટ નેગેટિવ આવ્યો છે. ભગવાન જગન્નાથજી ની રથયાત્રામાં દર વર્ષે પરંપરા પ્રમાણે મુખ્યમંત્રી શ્રી ભગવાનના રથની સોનાની સાવરણીથી પહિંદ વિધિ સંપન્ન કરીને રથયાત્રાને પ્રસ્થાન કરાવતા હોય છે. કોવિડ ૧૯ પોઝીટીવ છતાં ગુજરાતના સીએમ ભૂપેન્દ્ર પટેલે આજે ૧૪૫મી રથયાત્રામાં મુખ્યમંત્રી તરીકે પ્રથમ વાર આ પહિંદવિધિ કરીને રથયાત્રાને નગરચર્યા માટે પ્રસ્થાન કરાવીને જાળવી રાખી છે.

મુખ્યમંત્રી અષાઢી બીજના આજના અવસરે વહેલી સવારે અમદાવાદમાં જગન્નાથ મંદિર પહોંચ્યા હતા અને ભગવાન જગન્નાથજીના પૂજન અર્ચન કરીને ભગવાનના મુખ્ય રથને નિજ મંદિરથી નગરયાત્રા માટે પ્રસ્થાન કરાવવા મંદિર પરિસરમાંથી ભક્તિભાવ પૂર્વક બહાર લાવવામા સહભાગી થયા હતા.

અમિત શાહે જગન્નાથ મંદિરમાં મંગળા આરતી કરી

અમદાવાદ,તા.૧

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ ગુજરાતની મુલાકાતે છે. ત્યારે આજે સવારે અમિત શાહે જગન્નાથ મંદિરમાં મંગળા આરતી કરી હતી. ગુરુવારે કેન્દ્રિય ગૃહમંત્રી અમિત શાહ અમદાવાદ આવી ગયા હતા. ૧ જુલાઈએ સવારે ૪ વાગે જગન્નાથ મંદિરમાં મંગળા આરતી અને પૂજા કરી હતી. સવારે ચાર કલાકે મંગળા આરતીમાં કેન્દ્રિય ગૃહ મંત્રી અમિત શાહ ઉપસ્થિત રહ્યા હતા. સવારે ૪.૩૦ના ભગવાનને વિશિષ્ટ ભોગ પણ ધરાવાયો હતો. સવારે ૫ કલાકે ભગવાન જગન્નાથજીને અતિપ્રિય આદિવાસી નૃત્ય, રાસગરબા થયા અને ભગવાનને આંખે બાંધેલા પાટા ખોલવાની વિધિ કરવામાં આવી. સવારે ૫.૪૫ના ભગવાનનો ત્રણેય રથમાં પ્રવેશ કરાવાયો હતો.

કોરોના નેગેટિવ થતા જ મુખ્યમંત્રી પટેલે કરી પહિંદ વિધિ

અમદાવાદ,તા.૧

રથયાત્રાના પાવન પર્વ પહેલા જ સીએમ ભૂપેન્દ્ર પટેલ કોરોનાગ્રસ્ત થતાં ૧૪૫મી રથયાત્રા માટે પહિંદવિધિ કોણ કરશે તેને લઈને સવાલો ઉઠ્યા હતા. જોકે, ગુરુવારની મોડી રાત્રે સરકાર દ્વારા સત્તાવાર જાહેરાત કરવામાં આવી હતી કે, ૧૪૫મી ભગવાન જગન્નાથની રથયાત્રા માટે સીએમ ભૂપેન્દ્ર પટેલ જ પહિંદ વિધિ કરી હતી.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ અને ગૃહમંત્રી હર્ષ સંઘવીએ ભગવાનના રથોને પ્રસ્થાન કરાવ્યા હતા. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ કોરોનાથી સ્વસ્થ થઈ ગયા છે અને તેઓ જ પહિંદ વિધિ કરશે તેમ જણાવવામાં આવ્યું હતુ. મુખ્યમંત્રી અષાઢી બીજના આજના અવસરે વહેલી સવારે અમદાવાદમાં જગન્નાથ મંદિર પહોંચ્યા હતા.

શ્રાવણમાં વાસણિયા મહાદેવે યોજાતા મેળાઓને યાદ કરતા ગૃહમંત્રી શાહ

ગાંધીનગર, તા. ૧

ગાંધીનગર જિલ્લાના પૌરાણિક વૈજનાથ મહાદેવ (વાસણ) ખાતે પહોંચેલા કેન્દ્રીય ગૃહમંત્રીએ આજે તેમના બાળપણ અને યુવાકાળને યાદ કરી મેળો માણવાની મઝાને વાગોળી હતી.



કેન્દ્રીય ગૃહમંત્રી અમીત શાહ વાસણ ખાતે તળાવના બ્યુટીફીકેશનની કામગીરીનો આરંભ કરાવવા ગયા હતા. આ પછી તેઓ વાસણિયા મહાદેવના દર્શને પહોંચ્યા હતા. વાસણિયા મંદિર પહોંચતા જ ટ્રસ્ટના પ્રમુખ મહેન્દ્રસિંહ વાઘેલા તેમજ ટ્રસ્ટીઓએ કેન્દ્રીય ગૃહમંત્રીનું સ્વાગત કર્યુ હતું. આ પછી તેમણે ગર્ભગૃહમાં જઈ અને મહાદેવની ભક્તિભાવ સાથે પૂજા-અર્ચના કરી હતી. તેમની સાથે રાજ્ય ગૃહમંત્રી અને જિલ્લાના પ્રભારી મંત્રી હર્ષ સંઘવી પણ જોડાયા હતા.

પૂજા-અર્ચના બાદ મહાદેવ ખાતે ટ્રસ્ટની ઓફિસમાં તેમણે પરિસરના ડેવલપમેન્ટની ચાલી રહેલી કામગીરીની જાણકારી મેળવી હતી. તેમણે વિઝીટ બુકમાં પણ વાસણિયા મહાદેવ ખાતે શ્રાવણમાં યોજાતા મેળાઓનો ઉલ્લેખ કરી જૂના દિવસો યાદ કર્યા હતા તેમજ આજે રાષ્ટ્ર કલ્યાણ માટે મહાદેવને પ્રાર્થના કરી હોવાનું લખ્યુ છે.

ટ્રસ્ટના પ્રમુખ મહેન્દ્રસિંહ વાઘેલાએ કેન્દ્રીય ગૃહમંત્રીને સ્મૃતિરૂપે શિવજીની મૂર્તિ ભેટ આપી હતી.

પહેલા વરસાદે જ મોન્સુન એક્શન પ્લાનના ધજીયા ઉડ્યા : વસાહતીઓ પારાવાર મુશ્કેલીમાં મુકાયા

ગાંધીનગર, તા. ૧

ગાંધીનગર શહેરમાં વિકાસ કામો માટે આડેધડ કરાયેલા ખોદકામને પગલે આજે સે. ૨૯માં વસાહતીઓ ભારે મુશ્કેલીમાં મુકાયા હતા. સે. ૨૯માં બનેલા ખાનગી આવાસોના રહીશો તો આજે થયેલા વરસાદને પગલે પાણી ભરાઈ જતાં ન તો તેમના ઘર સુધી પહોંચી શકે એમ છે કે ન તો ઘરમાંથી કોઈ બહાર જઈ શકે તેવી વિકટ સ્થિતિમાં મુકાયા છે ખાસ કરીને ૨૨-૨૯ બસસ્ટેન્ડ અને રંગમંચ નજીકના વિસ્તારમાં આ સ્થિતિ પેદા થઈ છે.

ગાંધીનગર શહેરમાં ખોદકામ પછી માટીનું પૂરણકામ પણ જે યોગ્ય રીતે થવુ જોઈએ તે ન થતાં ઘણા બધા સેક્ટરોમાં વાહનચાલકો ફસાઈ ગયાના પણ બનાવો જાણવા મળી રહેલ છે. વરસાદના પ્રથમ રાઉન્ડના જ પ્રારંભે મોન્સુન પ્લાનના ધજીયા ઉડ્યા છે.

તંત્ર સમક્ષ વસાહતીઓ, સ્વૈચ્છીક સંસ્થાઓ, કાઉન્સીલરોએ કામગીરીને લઈ ઉગ્ર રજુઆતો કર્યા પછી પણ તંત્ર તેની જ ગતિએ ચાલતાં પાટનગરમાં રોષની લાગણી પ્રસરી જવા પામી છે.

પાથેય ● અનુસંધાન ચોથાનું ચાલુ...

ચરણ કે ઉછીની લીધેલી કોઈ લાકડી ? આટલા શબ્દો થકી કવિએ જીવનના એક પડાવનો અવસાદ અદ્ભુત રીતે ઉપસાવ્યો છે.

કાવ્યનો સાર એટલો સીધોસાદો નથી હોતો..એ અર્થસભર પણ હોય છે..આપણી સાથે કોણ પોતાનું છે અને કોણ પરાયું છે એ જોવાનો કે જાણવાનો સમય જીવન જયારે ધસમસતું હોય ત્યારે કોઈનેય હોતો નથી..જીવનની સમી સાંજે થોડીક બ્રેક વાગતી હોય છે.એ બ્રેક પછીનો અંજામ ફકત મૃત્યુ જ હોઈ શકે..ડગમગતા ત્રિભેટે ઉભેલો માણસ આખરે ક્યાં જતો હશે ? એની જાણ કોઈનેય હોતી નથી..લાકડી એટલે એક નિર્જીવ પદાર્થ અને પગ એટલે સજીવ દેહનો એક હિસ્સો આ બંને વચ્ચે હવે કોઈ ભેદ રહેતો નથી..ધ્રૂજારી એ ત્રણેયમાં છે..એ પણ એક ભુલભુલામણી છે..આપણે એ જાણી નથી શકતા કે આમાં સ્થિર કોણ છે ? ઘણું મોડું સમજાતું હોય છે કે ભલે સતત વહેતો લાગે પણ નિશ્ચિત જો કોઈ ચીજ હોય તો એ સમય છે ! સમય આવ્યે ચરણ તો શું આપણું ચિત્ત પણ સ્થિર થઈ જતું હોય છે..જીવનની એક અફર ઘટનાને આટલી સચોટ રીતે કહેનાર સર્જક પાસે પણ આ રહસ્યનો જવાબ હોતો નથી અને એટલે જ એ પ્રશ્નાર્થ મૂકીને અટકી જાય છે !

સંવેદનનું સ્ટેટસ ● અનુસંધાન ચોથાનું ચાલુ...

શક્યતા વધારે છે..એનું કારણ એ સહજતાથી રડી શકે છે એવું નોંધાયું છે..રૂદન એ આપણી અંદરનો ડૂમો ઓગાળી નાખે છે અને એ રીતે એક નવી તાજગી આપી જાય છે..મહિલાઓ માટે આ સહજ હોય છે..આવાં કારણો થકી પણ માણસ કુદરતી રીતે ખુશહાલ રહી શકે છે..

આયખાના આ અટપટા સવાલો અને એના માટે માણસે શોધેલા ઉપાયો અને એના અનુભવોનું ભાથું એમાંથી સહજ નિકોબાર કેટલાક રસ્તા બતાવી જાય છે.કોઈપણ ઉપાય સચોટ નથી તો એની અવગણના થઈ શકે એવો પણ નથી. આમછતાં એટલું ચોકકસ કહી શકાય કે લાંબુ જીવવાની પ્રથમ શરત છે આપણા મનના હકારાત્મક ભાવો..આસ્થા અને સંયમિત ખોરાક તથા કસાયેલું શરીર..આ બધું ત્યારે જ શકય બને જયારે માણસ સાદું જીવન જીવતો થાય..આપણી મોટાભાગની વ્યથાઓ અને તણાવ આપણા વૈભવી અને મોજશોખવાળા જીવનની દેન છે..જેનું જીવન સાદુ, જેનો મન ઉપર કાબૂ એની પાસે લાંબા જીવનનો જાદૂ હોય છે એ નિર્વિવાદ વાત છે..

હરખ ભિના ● છેલ્લા પાનાનું ચાલું

મંદિર તરફના રૂટમાં આગળ વધતો ભગવાનનો રથ કેબલ સ્ટેઇડ બ્રિજ નીચેથી પસાર થયો હતો. જયાંથી સે-૧૩ લિંબચ મંદિર અને રહેણાંક વિસ્તારમાં સેકટરના આંતરિક વિસ્તારમાંથી પસાર થઈને ભગવાનનો રથ સે-૧૨ ઉમિયા મંદિર અને બલરામ મંદિર થઈને સે-૬ ભુવનેશ્વર મંદિર પાસે પહોંચ્યો હતો. રથયાત્રાના રૂટમાં વિવિધ ઠેકાણે ભાવિકો માટે ઠંડા પાણી, છાશ ,ચા ની વ્યવસ્થા કરવામાં આવી હતી. જયાંથી ભાવિકોની ભીડ વધતા જય રણછોડ માખણચોરના જયઘોષ વચ્ચે આગળ વધતી રથયાત્રા સે-૬ ના શોપિંગ થઈને સે-૩ :૬ પાસે પહોંચી હતી આ જગ્યાએ ભાવિકોની ભીડ વધુ હોવાથી ભગવાનનો રથ રથ દર્શન માટે વધુ રોકાઈ હતી. રથયાત્રામાં સામેલ ઘોડેસવાર યુવાનો તેમજ રથયાત્રા પહોંચે તે પહેલા ટેકવેન ડો ન કરતબો દેખાડતા બાળકો પણ ભાવિકો માટે આકર્ષણનુ કેન્દ્ર બન્યા હતા. રથયાત્રા તેના નિયત રૂટમાં આગળ વધીને ઘ-૨ સર્કલ થઈને સે-૨ : ૭ ની ચોકડી પાસેથી આગળ સે-૭ શોપિંગ સેન્ટરમાંથી પસાર થઈને સે-૮ તરફ આગળ વધી હતી. જયારે આ દરમિયાન ભગવાનના રથ પર વરસાદના અમીછાંટણા થયા હતા. જયાંથી પોલીસ ભવનવાળા રૂટ પર આગળ આંકડા બ્યુરો કચેરી અને સચિવાલય પાસે થઈને સે-૧૯ ના ઘ કક્ષાના રહેણાંક વિસ્તારમાં રથયાત્રાનુ આગમન થયુ હતુ. જો કે આ રૂટમાં રથયાત્રા થોડી ધીમે પડી ગઈ હતી. સે-૧૯ થી સે-૨૦ માં ચિલ્ડ્રન યુનિવર્સિટી વાળા માર્ગ પર થઈને રથયાત્રા અક્ષરધામ તરફ આગળ વધી હતી. જયાં ભવ્ય સ્વાગત બાદ સે-૩૦ ચાર રસ્તા અને ગુરુદ્વારા , શોપિંગ સેન્ટર પરથી પસાર થઈને રથયાત્રા ભગવાનના મોસાળામાં આવી પહોંચી હતી.

બોરસદમાં આભ ફાટ્યું, ૧૧ ઈંચ વરસાદ

રાજ્ય પર મેઘરાજાએ હેત વરસાવ્યું રાજ્યમાં અત્યારસુધી સિઝનનો ૯.૪૧ ટકા વરસાદ પડ્યો છે, હાલ એવા છ તાલુકા છે જેમાં બિલકુલ વરસાદ નોંધાયો નથી

અમદાવાદ,તા.૧

હવામાન વિભાગની આગાહીને પગલે મેઘરાજા રાજ્ય પર હેત વરસાદી રહ્યા છે. શુક્રવારે સવારે છ વાગ્યે પુરા થતા ૨૪ કલાક દરમિયાન રાજ્યના ૧૧૮ તાલુકામાં વરસાદ નોંધાયો છે. જેમાં સૌથી વધારે ૧૧ ઈંચ વરસાદ આણંદના બોરસદમાં નોંધાયો છે. સુરતના કામરેજમાં આઠ ઈંચ વરસાદ પડ્યો છે.

સુરત શહેરમાં સાત ઈંચ વરસાદ પડ્યો છે. સુરતના ઉમરપાડામાં પણ સાત ઈંચ આસપાસ વરસાદ ખાબક્યો છે. છેલ્લા ૨૪ કલાકમાં રાજ્યના આઠ તાલુકામાં ચાર ઈંચ કરતા વધારે વરસાદ પડ્યો છે. ૨૭ તાલુકા એવા છે જ્યાં બે ઈંચ કરતા વધારે વરસાદ પડ્યો છે. એક ઈંચ કરતા વધારે વરસાદ પડ્યો હોય તેવા તાલુકાની સંખ્યા ૫૩ છે. છેલ્લા ૨૪ કલાકમાં રાજ્યના ૨૭ જિલ્લામાં વરસાદ નોંધાયો છે. રાજ્યમાં અત્યારસુધી સિઝનનો ૯.૪૧ ટકા વરસાદ પડ્યો છે. હાલ એવા છ તાલુકા છે જેમાં બિલકુલ વરસાદ નોંધાયો નથી. ઝોન પ્રમાણે વરસાદની વાત કરીએ તો કચ્છમાં અત્યારસુધી સરેરાશ ૧૮.૪૦ એમ.એમ., વરસાદ પડ્યો છે, જે સિઝનનો ૪.૦૩ ટકા છે. ઉત્તર ગુજરાતમાં સરેરાશ ૩૦.૨૪ એમ.એમ. વરસાદ પડ્યો છે, જે સિઝનનો કુલ ૪.૨૦ ટકા વરસાદ છે.

પૂર્વ-મધ્ય ગુજરાતમાં સિઝનનો સરેરાશ ૬૮.૭૫ એમ.એમ. વરસાદ પડ્યો છે, જે સિઝનનો ૮.૫૩ ટકા વરસાદ છે. સૌરાષ્ટ્રમાં સરેરાશ ૭૪.૯૬ ટકા વરસાદ પડ્યો છે, જે સિઝનનો ૧૦.૬ ટકા છે. દક્ષિણ ગુજરાતમાં સરેરાશ ૧૭૩.૧૫ એમ.એમ. વરસાદ પડ્યો છે.

અહીં સિઝનનો ૧૧.૭૩ ટકા વરસાદ પડ્યો છે. હવામાન વિભાગે ગઈકાલે (૩૦ જૂન) રાજ્યમાં પાંચ દિવસ સુધી વરસાદને લઈને આગાહી કરી હતી. હવામાન વિભાગના જણાવ્યા પ્રમાણે ગુજરાતમાં આગામી પાંચ દિવસ સુધી વરસાદ રહેશે. પાંચ દિવસ અનેક વિસ્તારોમાં છૂટોછવાયો વરસાદ પડવાની સંભાવના હવામાન વિભાગે વ્યક્ત કરી છે. હવામાન વિભાગના જણાવ્યા પ્રમાણે હાલ એક સિસ્ટમ સક્રિય હોવાથી દક્ષિણ ગુજરાતમાં ભારે વરસાદ પડી રહ્યો છે.

આ સિસ્ટમ આગામી દિવસોમાં પણ બની રહેશે. હવામાન વિભાગના જણાવ્યા પ્રમાણે પહેલી જુલાઈના રોજ દક્ષિણ ગુજરાતમાં ભારે વરસાદની સંભાવના છે. દક્ષિણ ગુજરાતના સુરત, ભરૂચ, નવસારીમાં ભારે વરસાદની આગાહી છે. વલસાડ, ડાંગ, તાપી, નર્મદામાં પણ વરસાદ રહેશે. સૌરાષ્ઠ આજે એટલે કે પહેલી જુલાઈથી વરસાદની એક્ટિવિટી વધી શકે છે. સૌરાષ્ટ્રમાં બીજી તારીખથી વરસાદનું જોર વધશે. ત્રીજી જુલાઈ અને ચોથી જુલાઈના રોજ સૌરાષ્ટ્રમાં ભારે વરસાદની સંભાવના છે.

સુરતમાં ૭ ઈંચ વરસાદ

સુરત, તા.૧

સુરત શહેરમાં ધોધમાર વરસાદ મોડી રાત્રે જ શરૂ થઈ ગયો હતો. રાત્રિ દરમિયાન મેઘરાજાએ તોફાની બેટિંગ કરી હતી. રાત્રીના ૭ કલાકમાં સાત ઈંચ વરસાદ પડ્યો હતો. નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાયા હતા. જોકે સવારે ઉઘાડ નીકળતા પાણી ઓસર્યા હતા. સવારથી જ ફરી મેઘરાજાએ તોફાની બેટિંગ કરી હતી. સવારથી જ ધોધમાર વરસાદ વરસતા જનજીવન તરબતર થયું છે. રસ્તાઓ પર પાણી ભરાતા સમગ્ર શહેરમાં ટ્રાફીક જામના દ્રશ્યો સર્જાયા હતા.

સુરતમાં છેલ્લા બે ત્રણ દિવસમાં હવામાન વિભાગની આગાહી અનુસાર વરસાદ પડી રહ્યો છે. અચાનક રાત્રિ દરમિયાન વરસાદ તોફાની સ્વરૂપ ધારણ કર્યું છે. સુરતમાં સાત કલાકમાં સાત ઈંચ જેટલો વરસાદ ખાબક્યો હતો. કાદરશાની નાળ, ઉધના દરવાજા, રેલવે ગરનાળા, ઉધનાના કેટલાક નીચાણવાળા વિસ્તારોમાં ભારે પાણી ભરાયું હતું. જેના કારણે રસ્તાઓ પર ટ્રાફીક જામના દ્રશ્યો સર્જાયા હતા. જેના કારણે જનજીવન અસ્તવ્યસ્ત થઈ ગયું હતું. ટ્રાફીક જામના દ્રશ્યો સર્જાયા હતા. અત્રે નોંધનીય છે કે, આગામી બે દિવસમાં હળવાથી મધ્યમ વરસાદની આગાહી છે. બીજી તરફ જૂન ૨૦૨૧ કરતા જૂન ૨૦૨૨ માં અડધો એટલે કે ૬ ઈંચ વરસાદ વરસી ગયો હતો. જ્યારે આજથી જુલાઈ મહિનાની શરૂઆતમાં જ મેઘરાજાની ધમાકેદાર ઈનિંગ જોવા મળી હતી. ઉકાઈ ડેમમાં સીઝનમાં પહેલીવાર પાણીની આવક શરૂ થઈ છે. રાત્રે ૮ કલાકે ડેમમાં ૧૧૮૪૧ ક્યુસેક આવક હતી. જેની સામે ૧૦૫૦ ક્યુસેક આઉટફ્લો હતો. આ ઉપરાંત ડેમની સપાટી પણ ૩૧૫.૩૭ ફૂટ હતી.